भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA

ભારતીય રિઝર્વ બેંક
www.rbi.org.in

---

**માસ્ટર સર્ક્યુલર - કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) યોજના**

**આરબીઆઇ/2017-18/4**

**FIDD.CO.FSD.BC.No.7/05.05.010/2017-18** **જુલાઈ 3, 2017**

ચેરમેન / મેનેજિંગ ડિરેક્ટર / ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર
તમામ અનુસૂચિત કોમર્શિયલ બેંકો
(નાની ફાયનાન્સ બેંકો સહિત અને આરઆરબી સિવાયની)
મેડમ / સાહેબ

**માસ્ટર સર્ક્યુલર - કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) યોજના**

સમય સમય પર ભારતીય રિઝર્વ બેંકે કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) યોજના અંગે માર્ગદર્શિકાઓ જારી કરી છે. આ માસ્ટર સર્ક્યુલર કિસાન ક્રેડિટ કાર્ડ યોજના પર બેંક દ્વારા 30 જૂન, 2017 સુધી બહાર પાડવામાં આવેલ સંબંધિત માર્ગદર્શિકાઓને પરિશિષ્ટમાં બતાવ્યા પ્રમાણે સમન્વિત કરે છે.

2. માસ્ટર પરિપત્ર આર.બી.આઈની વેબસાઇટ http://www.rbi.org.in પર મૂકવામાં આવેલ છે.

આપનો વિશ્વાસુ

(અજય કુમાર મિશ્ર)
ચીફ જનરલ મેનેજર

સંલગ્ન: ઉપર પ્રમાણે

---

ટેલી નંબર: 91-22-22661000 :ફેક્સ નંબર: 91-22-22621011 / 22610948/22610943

ઈ મેલઆઇડી: cgmicfidd@rbi.org.in

*હિન્દી આસાન છે. તેનો ઉપયોગ વધારો*

નાણાકીય સંકલન અને વિકાસ વિભાગ, સેન્ટ્રલ ઑફિસ, 10 મી માળ, સી.ઓ. બિલ્ડિંગ, પોસ્ટ બોક્સ નંબર -10014, મુંબઇ -400 001 ***સાવધાન: આરબીઆઇ ક્યારેય બેન્કના ખાતાની વિગતો, પાસવર્ડ્સ વગેરે જેવી અંગત માહિતી માટે ઈમેલ્સ એસએમએસ મોકલતી નથી કે ફોન કરતી નથી .***
***તે ક્યારેય ભંડોળ લેતી નથી અથવા કોઈ ને ભંડોળ ઓફર કરતી નથી કૃપા કરીને આવી ઓફર્સ માટે કોઈપણ રીતે પ્રતિસાદ આપશો નહીં***

## કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) યોજના પર માસ્ટર પરિપત્ર

### 1. પરિચય:

ખેડૂતોની  બેંકો દ્વારા એકરૂપ સ્વીકૃતિ માટે તેમના હોલ્ડિંગના આધારે કિસાન ક્રેડિટ કાર્ડ્સ જારી કરવા માટે કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) યોજના 1998 માં રજૂ કરવામાં આવી હતી જેથી ખેડૂતો તેનો કૃત્રિમ ઇનપુટ્સ જેમ કે બીજ, ખાતર, જંતુનાશકો વગેરે સહેલાઈથી ખરીદવા માટે ઉપયોગ કરી શકે અને તેમની ઉત્પાદન જરૂરિયાતો માટે જરૂરી રોકડ લઇ શકે. વર્ષ 2004 માં આ યોજનાનું સંલગ્ન (allied) અને બિન-ફાર્મ પ્રવૃત્તિઓ જેવી ખેડૂતોની રોકાણની ક્રેડિટ જરૂરિયાત માટે વધુ વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આ યોજનાને સરળ બનાવવા અને ઇલેક્ટ્રોનિક કિસાન ક્રેડિટ કાર્ડ્સના વિતરણને સરળ બનાવવાના હેતુથી વર્ષ 2012 માં શ્રી ટી. એમ. ભાસિન, સીએમડી, ઇન્ડિયન બેન્ક, ની ચેરમેનશીપ હેઠળ નિમાયેલ કાર્યશીલ જૂથ દ્વારા આ સ્કીમની વધુ સમીક્ષા કરવામાં આવી હતી. કેસીસી સ્કીમની કામગીરી સંચાલિત કરવા માટે આ યોજના બેન્કોને વ્યાપક માર્ગદર્શિકા પૂરી પાડે છે. સંસ્થા / સ્થાન ની ચોક્કસ જરૂરિયાતોને અનુકૂળ હોય તે રીતે બેંકો તેમની વિવેકબુદ્ધિ અનુસાર તેનો સ્વીકાર અને અમલીકરણ  કરશે.

### 2. યોજનાનું લાગુકરણ:

આગામી ફકરામાં બતાવેલ વિગત અનુસાર કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાનો વાણિજ્ય બેંકો, આરઆરબી, નાની નાણાકીય (SFBs) બૅન્કો અને સહકારી સંસ્થાઓ  દ્વારા અમલ થવો જોઈએ..

### 3. ઉદ્દેશ / હેતુ

કિસાન ક્રેડિટ કાર્ડ યોજના નું લક્ષ્ય સિંગલ વિન્ડો હેઠળ બેન્કિંગ સિસ્ટમમાંથી ફ્લેક્ષિબલ અને સરળ પ્રક્રિયા વડે ખેડૂતોને તેમની ખેતી અને નીચે જણાવેલ અન્ય જરૂરિયાતો માટે પર્યાપ્ત અને સમયસર ધિરાણ આધાર પૂરો પાડવાનું  છે

એ. ખેતી માટે ટૂંકા ગાળાના ધિરાણની જરૂરિયાતો પૂરી કરવા;

બી. કાપણી પછીનો ખર્ચ;

સી. ઉત્પાદનનાં માર્કેટિંગ માટેની  લોન ;

ડી. ખેડૂત નાં ઘર વપરાશની જરૂરિયાતો માટે;

ઈ. કૃષિ સંલગ્ન ફાર્મ અસ્કયામતો અને પ્રવૃત્તિઓની  જાળવણી માટે કાર્યકારી મૂડી;

એફ. કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે રોકાણ ની જરૂરિયાત માટેનું ધિરાણ.

નોંધ: ઉપરોક્ત ઘટકો 'એ' થી 'ઈ' નો સરવાળો કુલ ટૂંકા ગાળાની ક્રેડિટ લિમિટ નો ભાગ બનશે અને 'એફ' હેઠળનાં ઘટકોનો સરવાળો લાંબા ગાળાની  ક્રેડિટ લિમિટનો  ભાગ ગણાશે..

### 4. પાત્રતા

i. ખેડૂતો - વ્યક્તિગત / સંયુક્ત ધિરાણ લેનારાઓ કે જેઓ માલિક તરીકે ખેતી કરે છે.

ii. ભાડૂત ખેડૂતો, મૌખિક પટ્ટેદારો અને ભાગમાં પાક લેનારાઓ.

iii. ખેડૂતોના સેલ્ફ હેલ્પ જૂથો (એસએચજી) અથવા સંયુક્ત જવાબદારી જૂથો (જેએલજી). ભાડૂત ખેડૂતો, ભાગમાં પાક લેનારાઓ વગેરે સહિત.

### 5. ધિરાણ મર્યાદા / લોનની રકમ નક્કી કરવી

કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળની ધિરાણમર્યાદા નીચે પ્રમાણે નક્કી કરી શકાશે:

**5.1 સીમાંત ખેડૂતો સિવાયના તમામ ખેડૂતો[1]:**

**5.1.1 પ્રથમ વર્ષ માટે નક્કી કરવાની ટૂંકા ગાળા ની મર્યાદા (એક વર્ષમાં એક પાકની ખેતી માટે):**

(જિલ્લા કક્ષાની તકનીકી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ પાક માટે ધિરાણના માપ) x (ખેતી કરેલ વિસ્તારની હદ) + લણણી બાદ/ ઘરગથ્થુ વપરાશની જરૂરિયાતની મર્યાદાના 10% + ફાર્મ અસ્કયામતોનાં સમારકામ અને જાળવણી ખર્ચ ની મર્યાદાના 20% + પાક વીમો અને / અથવા અકસ્માત વીમાં સહિત PAIS, આરોગ્ય વીમો અને મિલકત વીમો.

**5.1.2 બીજા અને અનુગામી વર્ષ માટે મર્યાદા**

ખેતીના હેતુ માટે ઉપર મુજબ ગણતરી કરેલ પ્રથમ વર્ષ ની ધિરાણ ની મર્યાદા વત્તા દરેક સળંગ વર્ષ (બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા વર્ષે), ખર્ચ માં થતા વધારા /ધિરાણ ની માત્રામાં થતા વધારા મર્યાદા નાં ૧૦% અને કેસીસી ની મુદત માટે નો અંદાજીત ટર્મ લોન ઘટક એટલે કે, પાંચ વર્ષ. (ઉદાહરણ - I)

**5.1.3 એક વર્ષમાં એકથી વધુ પાકની ખેતી માટે**

સૂચિત પાકની પેટર્ન મુજબ ખેતી નાં પાકોના આધારે પ્રથમ વર્ષ માટે વધુમાં વધુ મર્યાદા 10% ખર્ચમાં વધારો / નાણાના સ્કેલમાં વધારો, એમ દરેક ક્રમિક વર્ષ માટે (2ND, 3rd, 4th અને 5th વર્ષ), ઉપર મુજબ મર્યાદા નક્કી કરવાની છે. એવું માનવામાં આવે છે કે આગામી ચાર વર્ષ માટે ખેડૂત એક જ પાક પેટર્નને અપનાવે છે. જો ખેડૂત દ્વારા અપનાવવામાં આવતી ખેતીની પદ્ધતિમાં કદાચ ફેરફાર થાય તો ત્યાર પછીના વર્ષમાં, મર્યાદા નક્કી થઈ શકે છે. (ઉદાહરણ - I)

**5.1.4 રોકાણ માટે ટર્મ લોન**

રોકાણ માટેની ટર્મ લોન જમીન વિકાસ, લઘુ સિંચાઈ, ફાર્મ સાધનોની ખરીદી અને સંલગ્ન કૃષિ પ્રવૃત્તિઓ માટે અપાવી જોઈએ. બેન્કો કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે ટર્મ અને કાર્યકારી મૂડી મર્યાદા વગેરે માટે ધિરાણ ની લીમીટ,ખેડૂત દ્વારા હસ્તગત કરાયેલી મિલકતની એકમનો ખર્ચ, અગાઉથી જ ફાર્મ પર હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓ તથા ચુકવણી ક્ષમતા પર નિર્ણય કરતી વખતે બેંક હાલની લોન જવાબદારી સહિત ખેડૂત પર આવનાર કુલ લોનના ભારણને ધ્યાનમાં રાખીને નિર્ધારિત કરી શકે છે. લાંબા ગાળાની લોનની મર્યાદા પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સૂચિત રોકાણ (રોકાણો), અને ખેડૂતની વસુલાત ક્ષમતા પરની બેંકની ધારણાના આધારે હોવી જોઈએ.

**5.1.5 મહત્તમ સ્વીકાર્ય મર્યાદા**

પાંચમાં વર્ષ માટેની ટૂંકા ગાળાની લોન મર્યાદા વત્તા અંદાજિત લાંબા ગાળાની લોન જરૂરિયાત એ મહત્તમ સ્વીકાર્ય મર્યાદા (એમપીએલ) હશે અને તેને કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા તરીકે ગણવામાં આવશે.

**5.1.6 સબ-લિમિટની નક્કી કરવી.**

**i.** શોર્ટ ટર્મ લોન્સ અને ટર્મ લોન્સ વિવિધ વ્યાજદર દ્વારા સંચાલિત થાય છે. હાલમાં ₹3 લાખ સુધી ટૂંકા ગાળાની પાકની લોન ભારત સરકારની વ્યાજ સહાય યોજના / પ્રોમ્પ્ટ રીપેમેન્ટ ઇન્સેન્ટીવ સ્કીમ હેઠળ આવરી લેવામાં આવે છે[2]. વધુમાં, ટૂંકા ગાળા અને ટર્મ લોન માટેનાં ચુકવણી શેડ્યૂલ અને નિયમો અલગ છે. તેથી, ઓપરેશનલ અને એકાઉન્ટિંગ સુવિધા માટે, કાર્ડ મર્યાદાને ટૂંકા ગાળાની રોકડ ધિરાણ મર્યાદા કમ બચત ખાતા અને મુદતની લોન એમ બે અલગ પેટા-મર્યાદામાં વિભાજીત કરવામાં આવે છે.

ii. ટૂંકા ગાળાના રોકડ ધિરાણની મર્યાદા નક્કી કરવી એનો આધાર પાકની પેટર્ન પર હોવો જોઈએ. ખેડૂતની સુવિધા મુજબ પાકની પેદાશ, ખેતીની અસ્કયામતો અને ઉપયોગની જાળવણી અને જાળવણી માટેની રકમ (ખેડૂતો) મુજબ ઉપાડવાની મંજૂરી આપી શકાય

છે. જો  જિલ્લા સ્તરની તકનીકી સમિતિ દ્વારા કોઈ પણ વર્ષ માટે નાણાના સ્કેલનું પુનરાવર્તન કરતી વખતે જો પાંચ વર્ષની મર્યાદા કરતા 10% કરતા વધુ થાય તો ખેડૂત સાથે પરામર્શ કરીને સુધારેલ ડ્રોએબલ મર્યાદા નક્કી કરી શકાય છે. જો આવા સુધારા માટે કાર્ડ મર્યાદાને જ વધારીને ૪ કે ૫ વર્ષ કરવાની જરૂર હોય, તો તે થઈ શકે છે અને ખેડૂતને તે મુજબ  સલાહ આપવામાં આવે.

iii. ટર્મ લોન્સ માટે, રોકાણ અને ચુકવણી શેડ્યૂલનાં પ્રકાર પર આધારિત સૂચિત રોકાણના આર્થિક જીવનના આધારે હપતા પાછા ખેંચી લેવાની મંજૂરી આપી શકાય છે. તે સુનિશ્ચિત કરવામાં આવે કે તે અંગેની કુલ જવાબદારી કોઈ પણ સમયે **સંબંધિત વર્ષની ડ્રોઇંગ સીમાની અંદર હોવી જોઈએ.**

iv. જો જરૂર જણાય તો નક્કી થયેલ કાર્ડ મર્યાદા/જવાબદારી માટે, વધારાની સુરક્ષા માટે બેંકો  તેમની નીતિ અનુસાર યોગ્ય કોલેટરલ લઈ શકે છે.

### 5.2 સીમાંત ખેડૂતો માટે

₹10,000 થી ₹50,000 ની ફ્લેક્ષિબલ મર્યાદા જમીન હોલ્ડિંગ અને ઉગાડવામાં આવેલ પાક પર આધારિત (ફ્લેક્ષિ કેસીસી) પ્રદાન કરી શકાશે. પોસ્ટ-હાર્વેસ્ટ વેરહાઉસ સ્ટોરેજ સંબંધિત ક્રેડિટ જરૂરિયાતો અને અન્ય ફાર્મ ખર્ચ, વપરાશ જરૂરિયાતો, વગેરે સહિત, વત્તા નાના ગાળાના ધિરાણ રોકાણ (રોકાણો) જેવા કે ફાર્મ સાધનોની ખરીદી, નાની ડેરી/બેકયાર્ડ પોલ્ટ્રીની  સ્થાપના, જમીનના મૂલ્યને સાંકળ્યા વિના શાખા વ્યવસ્થાપકની  આકારણી મુજબ સંયુક્ત કેસીસી મર્યાદા આ ધોરણે પાંચ વર્ષ માટે નિર્ધારિત કરવામાં આવે છે. ખેતીની પેટર્ન અને/અથવા નાણાના સ્કેલમાં ફેરફારને કારણે ઉચ્ચ મર્યાદાની જરૂર હોય ત્યાં, પેરા 4.1 **(ઉદાહરણ -૨)** માં દર્શાવેલ અંદાજ પ્રમાણે મર્યાદા નિર્ધારિત થઇ  શકે છે. (ઉદાહરણ -૨)

### 6. વિતરણ

6.1 રિવોલ્વીંગ કેશ ક્રેડિટ એ સુવિધાના સ્વરૂપમાં કેસીસીની મર્યાદાનાં ટૂંકા ગાળાનું ઘટક છે. ડેબિટ અને ક્રેડિટ્સની સંખ્યામાં કોઈ પ્રતિબંધ હોવો જોઈએ નહીં.

વર્તમાન સિઝન / વર્ષ માટે ઉપાડની મર્યાદા નીચે આપેલ કોઈપણ ડિલીવરી ચેનલ્સનો ઉપયોગ કરીને નક્કી કરવા માટે મંજૂરી આપી શકાય છે.

i. શાખા મારફતે થતી કામગીરી;

ii. ચેક સુવિધાનો ઉપયોગ કરીને થતી કામગીરી;

iii. એટીએમ / ડેબિટ કાર્ડ્સ દ્વારા ઉપાડ;

iv. બિઝનેસ કોરસપોન્ડન્ટ અને 'બેન્કિંગ આઉટલેટ / પાર્ટ-ટાઇમ બૅન્કિંગ આઉટલેટ' દ્વારા થતી કામગીરી;[૩]

v . સુગર મિલ્સ / કોન્ટ્રેક્ટ ફાર્મિંગ કંપનીઓમાં ઉપલબ્ધ પી.ઓ.એસ. દ્વારા થતી કામગીરી, ખાસ કરીને ટાઇ-અપ એડવાન્સ માટે;

vi. ઈનપુટ ડીલર પાસે  ઉપલબ્ધ પીઓએસ દ્વારા થતી કામગીરી;

vii  કૃષિ ઈનપુટ ડીલરો અને બજારમાં  થતા મોબાઈલ આધારિત ટ્રાન્સફર ટ્રાન્ઝેક્શન.

નોંધઃ (v), (vi) અને (vii) શક્ય તેટલી વહેલી તકે શરુ  કરવામાં આવે જેથી બેન્ક અને ખેડૂત, બંનેના વ્યવહાર ખર્ચમાં ઘટાડો થાય.

6.2. નિયત કરેલ હપ્તા અનુસાર ઇન્વેસ્ટમેન્ટ હેતુઓ માટે લાંબા ગાળાની લોન લઈ શકાય છે.

### 7 ઈલેક્ટ્રોનિક કિસાન ક્રેડિટ કાર્ડ્સ જારી કરવા

પરિશિષ્ટનાં ભાગ II માં દર્શાવ્યા અનુસાર તમામ નવા કેસીસીને સ્માર્ટ કાર્ડ–કમ-ડેબિટ કાર્ડ તરીકે જારી કરવા જોઈએ. વધુમાં, હાલના કેસીસીના નવીકરણ સમયે; ખેડૂતોને સ્માર્ટ કાર્ડ-કમ-ડેબિટ કાર્ડ આપવામાં આવવા જોઈએ. ટૂંકા ગાળાના ધિરાણની મર્યાદા અને લાંબી મુદતની લોન મર્યાદા એ કુલ કેસીસી મર્યાદાના વિવિધ વ્યાજદર અને પુન: ચુકવણીના સમયના બે અલગ ઘટકો છે.જ્યાં સુધી પેટા મર્યાદામાં અલગ એકાઉન્ટ માં લેવડદેવડ માટે યોગ્ય સૉફ્ટવેર સાથે સંયુક્ત કાર્ડ જારી કરવામાં ન આવે ત્યાં સુધી, બધા નવા /રીન્યુડ કાર્ડ્સ માટે બે અલગ ઇલેક્ટ્રોનિક કાર્ડ જારી કરી શકાય છે.

**8. કાયદેસરતા / નવીનીકરણ**

i. કેસીસીની કાયદેસરતા અવધિ અને તેની સમયાંતર સમીક્ષા અંગે બેંકો નિર્ણય લઇ શકે છે.

ii. પાકના વિસ્તાર / પેટર્ન અને ધિરાણ લેનારની કામગીરીમાં વધારો કરવા પર આધારિત આ સમીક્ષાને લીધે સુવિધા ચાલુ રખાશે, મર્યાદા વધારાશે અથવા સુવિધાની મર્યાદા / ઉપાડ રદ થશે.

iii. જ્યારે ખેડૂતને અસર કરતી કુદરતી આપત્તિઓના આધારે બેંકે એક્સ્ટેન્શન અને/અથવા રી-શેડ્યૂલ આપ્યું છે, કામગીરીની સ્થિતિને સંતોષજનક ગણવા માટે અથવા અન્યથા મર્યાદાની વિસ્તૃત રકમ સાથે ત્યારે ચુકવણીનો સમયગાળો વિસ્તૃત થશે. જ્યારે સૂચિત વિસ્તરણ એક પાકની મોસમથી આગળ હોય ત્યારે જે એક્સ્ટેન્શન આપવામાં આવે છે તે હપતામાં પુન: ચુકવણી માટેની શરત સાથે અલગ ટર્મ લોન ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે

**9. વ્યાજ દર (આર.ઓ.આઇ.):**

વ્યાજનો દર DBR નાં ધિરાણ પરના વ્યાજ દર અંગેના માસ્ટર ડિરેક્શન્સમાં નિર્ધારિત કર્યા મુજબ થશે.

**10. ચુકવણીનો સમયગાળો:**

10.1 જેના માટે લોન આપવામાં આવી છે તે પાક માટેની અપેક્ષિત લણણી અને વેચાણના સમય અનુસાર બેન્કો દ્વારા ચુકવણીની મુદત નક્કી થઇ શકે છે

10.2 ઇન્વેસ્ટમેન્ટ ક્રેડિટ માટે લાગુ હાલની માર્ગદર્શિકા મુજબ પ્રવૃત્તિના પ્રકાર/મૂડીરોકાણના પ્રકાર અનુસાર, સામાન્ય રીતે 5 વર્ષના સમયગાળા દરમિયાન ટર્મ લોન ઘટક (component) પરત ચૂકવવો પડશે

10.3 ફાઇનાન્સિંગ બેંન્કો, રોકાણના પ્રકારના આધારે ટર્મ લોન માટે તેમની મુનસફી પ્રમાણે લાંબા સમય સુધીની ચુકવણીની મુદત આપી શકે છે.

**11. માર્જિન**

બેન્કો દ્વારા નક્કી થશે.

**12 સુરક્ષા (SECURITY)**

12.1 સમય સમય પર નિર્ધારિત આરબીઆઈ માર્ગદર્શિકા મુજબ **SECURITY** લાગુ પડશે.

**12.2 SECURITY ની જરૂરિયાત નીચે મુજબ હોઈ શકે છે:**

i. જો પાકનો હાયપોથિકેશન હોય : ₹1.00 લાખ ની મર્યાદા સુધીનાં કેસીસી માટે માર્જિન / સુરક્ષા જરૂરિયાતોને જતી કરવી.

ii. વસુલાત માટે ટાઈ-અપ સાથે હોય તો: ₹3.00 લાખની કાર્ડ મર્યાદા સુધીનાં પાક હાયપોથિકેશન નાં કિસ્સામાં કોલેટરલ સિક્યોરિટી પર ભાર મૂક્યા વગર બેંકો લોન મંજૂર કરી શકે છે.

iii. કોલેટરલ સિક્યોરિટી: બિન-ટાઈ અપ એડવાન્સના કિસ્સામાં ₹૧ લાખ સુધીની લોનની મર્યાદા માટે અને ટાઈ અપ એડવાન્સના કિસ્સામાં ₹૩ લાખની સુધીની લોનની મર્યાદા માટે બેન્કની મુનસફી મુજબ કોલેટરલ સિક્યોરિટી લઇ શકાય છે.

iv. એવા રાજ્યોમાં કે જ્યાં બેન્કોને જમીનના રેકોર્ડ પર ઑન-લાઈન ચાર્જ ઉભો કરવાની સુવિધા છે ત્યાં તેમ જ થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે.

**13. અન્ય વિશેષતાઓ**

નીચેની બાબતમાં સમાનતા અપનાવવી :

13.1 ભારત સરકાર અને/અથવા રાજ્ય સરકારો દ્વારા સૂચિત પ્રોમ્પ્ટ ચુકવણી[4] માટે લાગુ પડતી વ્યાજ સહાય/પ્રોત્સાહન યોજના:.બેન્કરોએ આ સુવિધાનો પર્યાપ્ત પ્રચાર કરવો જેથી આ યોજનાથી મહત્તમ ખેડૂતો લાભ મેળવી શકે.

13.2 ફરજિયાત પાક વીમાં ઉપરાંત કેસીસી ધારક પાસે કોઈપણ પ્રકારનાં મિલકત વીમો, અકસ્માત વીમા (PAIS સહિત), આરોગ્ય વીમાના (જ્યાં પ્રોડક્ટ ઉપલબ્ધ છે) લાભ લેવાનો તથા કેસીસી ખાતા દ્વારા તેના પ્રીમિયમ ચૂકવવાનો વિકલ્પ હોવો જોઈએ. યોજનાની શરતો અનુસાર ખેડૂત/બેંક દ્વારા પ્રીમિયમ ચૂકવાય છે. ઉપલબ્ધ વીમા કવર અંગે લાભાર્થી ખેડૂતોને જાણ કરવી જોઈએ અને અરજી લેતી વખતે જ તેની સંમતિ લેવી જોઈએ. (પાક વીમાના કિસ્સા સિવાય તે ફરજિયાત છે).

13.3 પ્રથમ વખત કેસીસી લોન લેતી વખતે એકવારનું ડોક્યુમેન્ટેશન[5] અને ત્યાર પછી બીજા વર્ષથી ખેડૂત પાસેથી સરળ ઘોષણાપત્ર (ઉગાડેલ/સૂચિત પાક અંગે) લેવું જોઈએ.

**14 ખાતાઓનું એનપીએ તરીકેનું વર્ગીકરણ:**

14.1 કેસીસી સ્કીમ હેઠળ મંજૂર કરાયેલી લોન માટે આવક માન્યતા, એસેટ-ક્લાસિફિકેશન અને જોગવાઈ[6] પરના હાલનાં દૂરદર્શી ધોરણો (prudential norms) લાગુ પડશે.

14.2 કૃષિ ધિરાણો પર લાગુ થનાર વ્યાજ એક સમાન રીતે ચાર્જ કરવામાં આવશે.

15 પ્રોસેસીંગ ફી, નિરીક્ષણ ખર્ચ અને અન્ય ખર્ચ બેન્કો દ્વારા નક્કી થાય છે.

16 કેસીસી સ્કીમની સુધારેલ માર્ગદર્શિકા અમલમાં મૂકતી વખતે અન્ય શરતો:

16.1 જો ખેડૂત તેના ઉત્પાદનની વેરહાઉસ રસીદ સામે લોન માટે અરજી કરે તો બેન્કો પ્રસ્થાપિત પદ્ધતિ અને માર્ગદર્શિકા મુજબ આવી અરજીઓ ધ્યાનમાં લેશે.

જો કે, જ્યારે આવી લોન મંજૂર કરવામાં આવે ત્યારે તે પાક લોન ખાતા સાથે સંકળાયેલા હોવા જોઈએ, જો કોઈ હોય તો, અને જો ખેડૂતને ઈચ્છા થાય તો પ્લેજ લોનના વિતરણના તબક્કે તેના ખાતામાં બાકી રહેલ પાક લોન ની પતાવટ કરી શકાય.

16.2 નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(એન.પી.સી.આઇ), તમામ બેંકો દ્વારા તેમના બ્રાન્ડિંગ દ્વારા અપનાવવામાં આવનાર કેસીસી કાર્ડને ડિઝાઈન કરશે.

---

**ડિલિવરી ચેનલ્સ - ટેકનિકલ લાક્ષણિકતાઓ**

**1 કાર્ડ જારી કરવા**

લાભાર્થીઓને આ યોજના હેઠળ સ્માર્ટ કાર્ડ / ડેબિટ કાર્ડ (એટીએમ / હેન્ડ હેલ્ડ સ્વાઈપ મશીન્સમાં ઉપયોગ માટે યોગ્ય બાયોમેટ્રિક સ્માર્ટ કાર્ડ અને ખેડૂતોની ઓળખ, અસ્કયામતો, જમીન હોલ્ડિંગ અને ક્રેડિટ પ્રોફાઈલ વગેરે અંગેની જરૂરી માહિતી સ્ટોર કરવા માટે સક્ષમ હોય એવા), આપવામાં આવશે. બધા કે.સી.સી. ધારકોને કોઈ પણ એક અથવા નીચેના પ્રકારનાં કાર્ડ્સના સંયોજન સાથે પૂરા પાડવા જોઈએ:

**2. કાર્ડનો પ્રકાર:**

બધા બેન્ક એટીએમ અને માઇક્રો એટીએમ ઍક્સેસ કરવા માટે સક્ષમ એવા ISO IIN (આંતરરાષ્ટ્રીય ધોરણો સંગઠન આંતરરાષ્ટ્રીય ઓળખ નંબર) સાથે પિન (પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર) સાથે ચુંબકીય પટ્ટી કાર્ડ.

જ્યાં બેંકો યુ.આઇ.ડી.એ.આઇ (આધાર પ્રમાણીકરણ) ના કેન્દ્રીકૃત બાયોમેટ્રિક સત્તાધિકરણ માળખાનો ઉપયોગ કરવા માગે છે એવા કિસ્સામાં યુઆઇડીએઆઇની બાયોમેટ્રિક પ્રમાણીકરણ સાથે ISO IIN સાથે ચુંબકીય પટ્ટી અને પિન સાથેના ડેબિટ કાર્ડ્સ પ્રદાન કરી શકાય છે.

બેંકના ગ્રાહક આધાર (customer base) પર આધાર રાખીને ચુંબકીય પટ્ટીઓ અને માત્ર બાયોમેટ્રિક પ્રમાણીકરણ સાથેનાં ડેબિટ કાર્ડ્સ પણ પ્રદાન કરી શકાય છે. જ્યાં સુધી UIDAI વ્યાપક બની જાય ત્યાં સુધી, જો બેન્કો તેમની હાલની કેન્દ્રીકૃત બાયો મેટ્રિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને ઈન્ટર ઓપરેટીવ વગર શરૂઆત કરવા માંગે તો તેઓ આમ કરી શકે છે. બેંકો ISO IIN સાથે ચુંબકીય પટ્ટી અને પિન સાથે EMV (યુરો-પે, માસ્ટરકાર્ડ અને વિઝા, ઇંન્ટિગ્રેટેડ સર્કિટ કાર્ડ્સના આંતરક્રિયા માટેનું એક વૈશ્વિક ધોરણ) અને રુ-પે સુસંગત ચિપ કાર્ડ્સ ઇશ્યૂ કરવાનું પસંદ કરી શકે છે. વધુમાં, બાયોમેટ્રિક પ્રમાણીકરણ અને સ્માર્ટકાર્ડ માટે તે IDRBT અને IBA દ્વારા નિર્ધારિત સામાન્ય ધોરણો અનુસરશે. આ તેમને ઈનપુટ ડીલર સાથે એકીકૃત રીતે વ્યવહારો કરવા માટે તથા જ્યારે તેઓ બજારો, પ્રાપ્તિ કેન્દ્રો વગેરેમાં તેમના ઉત્પાદનનું વેચાણ કરે ત્યારે તેમનાં વેચાણની આવક તેમના ખાતામાં જમા કરાવવા માટે સક્ષમ બનાવશે

**3. વિતરણ ચેનલો:**

કેસીસી ખાતામાં તેમની કામગીરીનું અસરકારક રીતે સંચાલન કરવા નીચેની ડિલિવરી ચેનલોને શરૂ કરવા માં આવશે જેથી ખેડૂતો દ્વારા કિસાન ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવામાં થાય.

1. એટીએમ / માઇક્રો એટીએમ દ્વારા ઉપાડ.
2. BC દ્વારા સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કરીને ઉપાડ.
૩. સામગ્રી ડીલર દ્વારા પી.ઓ.એસ મશીન.
4. IMPS ક્ષમતાઓ / IVR સાથે મોબાઇલ બેન્કિંગ.
5. આધાર સક્ષમ કાર્ડ.

**4. મોબાઇલ બેન્કિંગ / અન્ય ચેનલો:**

ગ્રાહકો અને બેંકો વચ્ચે ટ્રાન્સફર માટે આ આંતર-સંચાલિત IMPS નો ઉપયોગ કરવાની અને કૃષિ ઇનપુટ્સની ખરીદીની વધારાની ક્ષમતા તરીકે મર્ચેન્ટ ચુકવણી વ્યવહારો કરવા માટે પરવાનગી આપવા માટે ઇન્ટરબેંક મોબાઇલ પેમેન્ટ સેવા (NPCI ની IMPS) ક્ષમતાની સાથે સાથે કેસીસી કાર્ડ્સ / એકાઉન્ટ્સ માટે મોબાઇલ બેન્કિંગ કાર્યક્ષમતા પણ પુરા પાડો. આદર્શ રીતે, વિશાળ અને સલામત સ્વીકૃતિ માટે આ મોબાઇલ બેન્કિંગ અનસ્ટ્રક્ચર્ડ સપ્લિમેન્ટરી ડેટા (યુએસએસડી) પ્લેટફોર્મ પર હોવી જોઈએ. બેંકો ટ્રાંઝેક્શન લિમિટ પર આરબીઆઇના નિયમોને આધિન રહીને unencrypted મોબાઇલ બેન્કિંગ પણ ઓફર કરી શકે છે.

તે જરૂરી છે કે કેસીસી માં વ્યવહારોને સક્ષમ કરવા માટે મોબાઇલ આધારિત ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મ એમપીઆઇએન દ્વારા પ્રમાણીકરણ સહિત સરળ હોય એવો એસએમએસ આધારિત ઉકેલનો ઉપયોગ કરવો. પારદર્શિતા અને સુરક્ષાની ખાતરી કરવા માટે આવા ઉકેલોને સ્થાનિક ભાષામાં IVR પર સક્ષમ કરવાની જરૂર છે.તમામ બેન્કો દ્વારા જાગૃતિ ફેલાવીને અને યોગ્ય ગ્રાહક શિક્ષણ દ્વારા આવા મોબાઇલ આધારિત ચુકવણી સિસ્ટમોને પ્રોત્સાહન આપવું જોઈએ.

બેંકો પાસે ઉપલબ્ધ હાલનાં  ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે બધા કેસીસી ધારકોને કોઈપણ એક અથવા નીચેના મુજબના કાર્ડ્સના સંયોજન સાથે પૂરા પાડવા જોઇએ:

* ખેડૂતોને તમામ બૅન્કો એ તેમની પાસે હાલના ઉપલબ્ધ એટીએમ / માઇક્રો એટીએમ દ્વારા limit ઓપરેટ કરવા માટે સક્ષમ કરવા માટેના ડેબિટ કાર્ડ્સ (PIN સાથે ચુંબકીય પટ્ટી કાર્ડ).

* ચુંબકીય પટ્ટી અને બાયોમેટ્રિક પ્રમાણીકરણ સાથે ડેબિટ કાર્ડ્સ.

* પી.ઓ.એસ. મશીનો ધરાવતા બિઝનેસ કોરસપોન્ડન્ટ, ઈનપુટ ડીલર, ટ્રેડર્સ અને બજારો દ્વારા  થતા વ્યવહારો માટે સ્માર્ટ કાર્ડ.

* ISO IIN સહિત ચુંબકીય પટ્ટીઓ અને પિન સાથે ઈએમવી સુસંગત ચિપ કાર્ડ.

વધુમાં, કોલ સેન્ટર / આંતર સક્રિય વોઈસ રિસ્પોન્સ (I.V.R) ધરાવતી બેન્કો, બેંકની કૉલ બેક સુવિધા સાથે આઈવીઆર મારફતે મોબાઇલ પિન (એમપીઆઈએન) ચકાસણી માટે SMS આધારિત મોબાઇલ બેન્કિંગ પ્રદાન કરી શકે છે અને આમ એક સુરક્ષિત એસએમએસ આધારિત મોબાઈલ બેન્કિંગ સુવિધા કાર્ડ ધારકોને ઉપલબ્ધ કરાવે  છે.

પરિશિષ્ટ:

## 'કિશન ક્રેડિટ કાર્ડ' પર માસ્ટર સર્ક્યુલરમાં એકત્રિત થયેલા પરિપત્રોની સૂચિ

| ક્રમાંક | પરિપત્ર ક્રમાંક | તારીખ | વિષય |
|---|---|---|---|
| ૧ | RPCD.No.PLFS.BC.20 / 05.05.09 / 98-99 | 05.08.1998 | કિસાન ક્રેડિટ કાર્ડ |
| ૨ | RPCD.PLNFS.No.BC.99 / 05.05.09 / 99-2000 | 06.06.2000 | કિસાન ક્રેડિટ કાર્ડ યોજના - ફેરફાર |
| ૩ | RPCD.No.PLFS.BC./63/05.05.09/2000-01 | 03-03-2001 | કિસાન ક્રેડિટ કાર્ડ્સ |
| ૪ | RPCD.PLFS.BC.No./64/05.09.09/2001-02 | 28.02.2002 | કિસાન ક્રેડિટ કાર્ડ |
| ૫ | RPCD.Plan.BC ના 87 / 04.09.01 / 2003-04 | 18.05.2004 | કૃષિ માટેનો ધિરાણ પ્રવાહ--કૃષિ લોન્સ -માર્જિન / સુરક્ષા જરૂરિયાતો માફી |
| ૬ | RPCD.PLFS.BC.No.38 / 05.05.09 / 2004-05 | 04.10.2004 | કેસીસી અંતર્ગત કૃષિ માટે મુદતની લોન અને તેને સંબંધિત પ્રવૃત્તિઓ આવરી લેવા માટેની યોજના |
| ૭ | RPCD.PLFS.BC.No. 85 / 05.04.02 / 2009-10 | 18.06.2010 | કૃષિ માટેનો ક્રેડિટ ફ્લો - કૃષિ લોન્સ - માર્જિન / સુરક્ષા જરૂરીયાતોનો માફી |
| ૮ | RPCD.FSD.BC.No. 77 / 05.05.09 / 2011-12 | 11.05.2012 | સુધારેલ કિસાન ક્રેડિટ કાર્ડ યોજના |
| ૯ | RPCD.એફએસડી.બીસી.No.23 / 05.05.09 / 2012-13 | 07.08.2012 | સુધારેલ- કિસાન ક્રેડિટ કાર્ડ યોજના |
| ૧૦ | એફઆઈડીડી.એફ.એફ.ડી.ડી.સીસી. નં.18/05.05.010 / 2016-17 | 13.10.2016 | સુધારેલ- કિસાન ક્રેડિટ કાર્ડ યોજના |

૧. પ્રતિ ખેડૂત 1 હેક્ટર સુધી જમીનના હોલ્ડિંગ સાથે(સીમાંત ખેડૂતો). 1 હેક્ટરથી વધુ જમીનના ખેડૂતો અને 2 હેક્ટર સુધીના ખેડૂતો(નાના ખેડૂતો).

૨. ભારત સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવેલ પાક લોન પર વ્યાજ સહાય યોજના અને સમયાંતરે આરબીઆઇ દ્વારા તે અંગે જારી કરાતી માર્ગદર્શિકા જુઓ.

૩. શાખા અધિકૃતતા નીતિના સુસંસ્કરણ પર ડીબીઆરનું પરિપત્ર – દિશા નિર્દેશોનું પુનરાવર્તન

૪. હાલમાં નાની ફાઇનાન્સ બેન્કો અને ખાનગી ક્ષેત્રની બેંકોની શહેરી અને મેટ્રો શાખાઓ માટે લાગુ પડતી નથી.

૫. બેંકો ની આંતરિક માર્ગદર્શિકા મુજબ દસ્તાવેજીકરણ

૬. ડીબીઆરની આવકની ઓળખ, એસેટ વર્ગીકરણ અને જોગવાઈ ધોરણો પરના માસ્ટર ડિરેક્શન્સ